રાજ્યની બિન સરકારી અનુદાનિત
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળાઓના શૈક્ષણિક અને બિન
શૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું
રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૯-૦૧-૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૫/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૨૯૩-૨૫૩૩-ગ.૧.
(૨) શિક્ષણ વિભાગનો તા.તા.૦૬/૦૭/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૯૮-ઈએમ-૫૩-ગ.૧.
(૩) શિક્ષણ વિભાગના તા.૧૬/૦૮/૨૦૦૨ના સુધારા ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૯૮-ઈએમ-૫૩-ગ.૧.
(૪) શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૬/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૫) શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: બમશ/૨૦૧૮/૨૩૩૯/ગ.
(૬) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૦૩/૦૬/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અનદ-૧ /ધ /માધ્ય /૨૦૨૦ /૯૯૨૯.

**આમુખ:-**

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યાને અભાવે વર્ગ ઘટાડો થવાના અથવા શાળા બંધ થવાના કારણોસર તા.૧૫/૦૪/૧૯૯૪ અથવા તે પહેલા નિમાયેલ શિક્ષકો/કર્મચારીઓને વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૨૧/૦૫/૧૯૯૪ના ઠરાવથી ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૦૬/૦૭/૧૯૯૮ના ઠરાવથી તા.૩૦/૦૬/૧૯૯૮ સુધીમાં નિમણૂંક પામેલ કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૧૬/૦૮/૨૦૦૨ના સુધારા ઠરાવથી તા.૩૦/૦૬/૧૯૯૮ સુધીમાં નિમણૂંક પામેલાપામેલા તમામ શિક્ષકોને જેમણે તા.૩૦/૦૬/૧૯૯૮ કે ત્યાર પછી પરંતુ તા.૩૦/૦૬/૧૯૯૯ પહેલાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ કરેલ હોય તેમને ફાજલ તરીકેનું રક્ષણ આપવામાં આવેલ છે. વિભાગના તા.૨૩/૦૬/૨૦૧૬ના ઠરાવથી તા.૩૦/૦૬/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળા દરમિયાન નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૬) સામેના તા.૦૩/૦૬/૨૦૨૦ના પત્રથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને વર્ગ ઘટાડો થતાં અથવા શાળા બંધ થવાની સ્થિતિમાં કાયમી ધોરણે ફાજલના રક્ષણનો લાભ આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વર્ગ ઘટાડો કે શાળા બંધ થવાની સ્થિતિમાં ફાજલ તરીકેનું રક્ષણ આપવાનું આથી નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

(૧) આ ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ(ફિક્સ પગારથી નિમણૂંક પામતા સહાયક સહિત)ને લાગુ પડશે

(૨) વર્ગ ઘટાડો કે શાળા બંધ થવાની સ્થિતિમાં શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીને ફાજલ જાહેર કરવાની તથા ફાજલ તરીકે અન્ય શાળામાં સમાવવા બાબતની કામગીરી સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૩) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ, વય નિવૃત્ત થયેલ તેમજ અવસાન પામેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કેસ કોઈ પણ સંજોગોમાં ધ્યાને લેવાના રહેશે નહિ.

(૪) બિન સરકારી માધ્યમિક શાળાના ફાજલ જાહેર થયેલ આચાર્યને સમાવવા બાબતે વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૫) સામેના તા.૨૭/૦૨/૨૦૧૯ના પરિપત્રની સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૫) ફાજલ થયેલ શૈક્ષણિક કર્મચારીઓને તેઓના સંબંધિત વિભાગ અને વિષયની જગ્યા પર સમાવવાના રહેશે એટલે કે માધ્યમિક વિભાગના શૈક્ષણિક કર્મચારીને માધ્યમિક વિભાગમાં તેઓના સંબંધિત વિષયની જગ્યા પર અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શૈક્ષણિક કર્મચારીને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તેઓના સંબંધિત વિષયની જગ્યા પર સમાવવાના રહેશે.

(૬) ફાજલ થયેલ કર્મચારીઓને જે જિલ્લામાંથી ફાજલ થયેલ હોય તે જ જિલ્લાની અન્ય બિન સરકારી અનુદાનિત શાળામાં તે જ વિષયની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે. જો તે જ જિલ્લામાં જગ્યા ખાલી ન હોવાના સંજોગોમાં બાજુના જિલ્લાની બિન સરકારી અનુદાનિત શાળામાં તે જ વિષયની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે અને તે પ્રમાણે પણ ખાલી જગ્યા ન હોય તો રાજ્યના ગમે તે જિલ્લાની બિન સરકારી અનુદાનિત શાળાની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે. ફાજલ કર્મચારીને જિલ્લા બહારની શાળામાં સમાવવાની કામગીરી કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ કરવાની રહેશે.

(૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ફાજલ શિક્ષક/કર્મચારીને સંસ્થા દ્વારા હાજર ન કરવામાં આવે તેવા કિસ્સાઓમાં શાળાની નોંધણી રદ કરવા અંગેની નિયમાનુસાર કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૮) ફાજલ થયેલ કર્મચારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ફાળવવામાં આવેલ જગ્યા પર હાજર નહિ થાય તો તેમનું ફાજલનું રક્ષણ રદ કરવાનું રહેશે અને તેમની નોકરીના વર્ષ ધ્યાને લીધા વિના ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૩૩ની જોગવાઈ પ્રમાણે નોકરીમાંથી છૂટા કરવાના રહેશે.

(૯) ફાજલનું રક્ષણ મેળવનાર કર્મચારી જેટલો સમય કામગીરી વિના ફાજલ રહે તેટલા સમયગાળાના પગાર ભથ્થા મળવાપાત્ર રહેશે નહિ તેમજ આ સમયગાળો કોઈ પણ સેવાકીય લાભો માટે ગણતરીમાં લેવાનો રહેશે નહિ.

(૧૦) સરકારના ઠરાવ કે પરિપત્રો કે અન્ય કોઈ પણ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો પણ બીજી કોઈ પણ શાળામાં જગ્યા ન હોય તો કન્યા શાળામાં પણ પુરૂષ કર્મચારીને ફાળવવાનો રહેશે અને કન્યા શાળાએ સ્વીકારવાના રહેશે.

(૧૧) ભાષાકીય કે ધાર્મિક લઘુમતીના પાયા પર રચાયેલ સંસ્થા દ્વારા સંચાલિત શાળાઓમાંથી ફાજલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીને અન્ય લઘુમતિ શાળામાં સમાવવાના રહેશે.

(૧૨) કોઈ પણ શાળામાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઈન્ટ પ્રમાણે જે તે જગ્યા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જે તે વિષયના ફાજલ કર્મચારી જિલ્લામાં ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં જગ્યા ઉપલબ્ધ ફાજલ કર્મચારીથી જે તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઈન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૧૩) કોઈ પણ કર્મચારી ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વિના ન રહે તેની તમામ તકેદારી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ રાખવાની રહેશે અને આવા કોઈ કેસ ધ્યાને આવવાની સ્થિતિમાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ગણવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૫/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા અને મા.શિ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકઝામીનરશ્રી, લોકલ ફંડ ઓડિટ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.